
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧. પ્રાર્થના ... (સ. ક. વિ.) ... ... ... ... ૭૩
૨. દ્રવ્યભાવ શ્રી શત્રુંજય ...(ભગવાનદાસ મ. મહેતા) ... ... ૭૪
૩. સમ્યગ્ જ્ઞાનની કુંચી. (અનુવાદ)... ... ... ... ૭૬
૪. વીરત્વ કયું સાચું? ... (સંપાદક G.) ... ... ... ૭૮
૫. સુભાષિત પદ સંગ્રહ. (સ. ક. વિ.)... ... ... ... ૮૦
૬. ચર્ચાપત્ર ...(A. G.) ... ... ... ... ... ૮૪-૯૪
૭. આવતી ચોવીશના તીર્થંકરનું વર્ણન (ગાંધી)... ... ... ૮૫
૮. અધ્યાત્મયોગી મહાત્મા આનંદઘનજી મહારાજ (રાજપાળ મ. વોરા)... ૮૬
૯. આત્માની શોધમાં. (સે. ચોકસી) ... ... ... ... ૮૮
૧૦. પાંચ સકાર. ...(અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ) ... ... ... ૯૨
૧૧. સ્વીકાર અને સમાલોચના... ... ... ... ... ૯૫



જલદી મંગાવો. **નવી આવૃત્તિ.** થોડી કોપી સીલીકે.

શ્રી "જૈન તત્ત્વાદર્શ" પૂજ્યપાદ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની કૃતિનો અપૂર્વ તત્ત્વજ્ઞાનથી ભરપૂર સાતશે પાનાનો ગ્રંથ (બે ભાગમાં) માત્ર બાર આનાની કિંમતથી મળી શકશે.

---

બન્ને ભાગોની થોડી નકલો સીલીકે છે—

**શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.**

(મૂળ, ભાષ્ય, ટીકા સહિત.)

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક-લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણોજ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬-૦-૦ લેવામાં આવશે. (પોસ્ટેજ જુદું)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नुवति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्मः ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિગમન યોગ્ય થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ-વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६३. कार्तिक, आत्म सं. ४१. { अंक ४ थो.

## પ્રાર્થના

ઉપકારો સંભારી, પ્રભુ વહાલ કરૂં.
પ્રભુ વહાલા કરી, પ્રભુ ભક્ત બનું.
પ્રભુ ભક્ત થવા, બ્રહ્મચારી બનું.
બ્રહ્મચારી થવા, વનવાસી બનું.
મુજ જીવનમાં, પ્રભુ પ્રેમ ભરૂં.
જે જે તણી પ્રીતી કરે, તે તે ખરેખર તે બને.
જે મહાવીર પર પ્રીતી કરે, સાક્ષાત મહાવીર તે બને.
સાગરવરગંભીર થવા જીવું, મેરૂ સમાન સુધીર થવા જીવું,
ચંદ્ર સમાન નિર્મલ થવા જીવું, ચંદન સમ શીતલ થવા જીવું.
એવું રૂડું જીવું આજરે, થાયે ધન્ય જીવ્યું મારૂં.

સં. સ૦ મુ૦ કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દ્રવ્ય–ભાવ શ્રી શત્રુંજય.

—: મંદાક્રાંતા :—

હિમાદ્રિના અનુજ[1] સરખો હેમ[2]અદ્રિ મહંત,
ઉંચે ઉંચે ગગન સહ તે ગોષ્ટિ જાણે કરંત !
વિલોકીને દૂર દૂર થકી ભાવ ઉઠ્યો અપૂર્વ,
રીઝયા નેત્રો હૃદયનદમાં ઉલ્લસ્યું ભક્તિપૂર. ૧.

'એહી સિદ્ધાચલ અચલનો[2] છે અચિન્ત્ય પ્રભાવ,
આનો સ્પર્શી પુનિત થઉં હું' ઉછળ્યો એમ ભાવ;
આવ્યો પાસે, જયમ જયમ ચઢું અંગ ધારી ઉમંગ,
ઊઠે આવા મનસર મહીં ભાવનાના તરંગ. ૨.

તેહી છે આ પુનિત ભૂમિકા પૂર્વમાં જ્યાં પધાર્યા,
નાભિનંદા ત્રિભુવનપિતા આદિ જિનેંદ્ર રાયા;
વર્ષાવી જે પરમ પુરુષે જ્ઞાન–પીયૂષ[3] ધારા,
ખુલ્લા* મૂકયા શિવપુરી તણા દ્વાર જેણે ઉદારા. ૩.

વર્ત્તે તે આ પુંડરિકગિરિ પુંડરિક પ્રભો જ્યાં,
આવ્યા પૂર્વે ભવિક બહુયે [4]પુંડરિકો [5]પ્રબોધ્યા;
સાથે કોટિ મુનિવર લઇ આદિના શિષ્ય[6]રાયા,
એહી સ્થાને અનશન કરી મુક્તિધામે પધાર્યા. ૪.

---

૧ ન્હાનો ભાઇ. ૨. ગિરિ, પર્વત. ૩. અમૃત. ૪. કમલ, ૫. શ્લેષ-(૧) જાગ્રત કર્યા, વિકસાવ્યા. (૨. પ્રતિબોધ પમાડ્યા. ૬. પટ્ટશિષ્ય, ગણધર.

*આ અવસર્પિણી કાળમાં મોક્ષનગરના દરવાજા પ્રથમ ઉઘાડવાનું માન તો શ્રીમારૂદેવી માતાને ઘટે છે. કારણ કે શિવવધૂ કેવી છે તે જાણે કે જોવા ગયા હોયની ! એમ તેજ ભગવાન્ ઋષભદેવજી પૂર્વે નિર્વાણ પધાર્યા હતા. પરંતુ અત્રે જે કહ્યું છે તે અન્ય જીવોને અપેક્ષીને, કારણ કે ભગવાને તો અનેક આત્માઓ માટે મુક્તિમાર્ગ સરલ કર્યો-ખુલ્લો મુકયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અદ્યાપિયે કવિજન કરે જેહના સ્તોત્ર ગાન,
અંકાયા જે ભરતગગને ચંદ્રલેખા સમાન;
તે આદર્શ પ્રબળ નૃપતિ શ્રેષ્ઠ શ્રી રામચંદ્ર,
આવ્યા અત્રે શિવરમણીનું દેખવા મુખચંદ્ર. ૫

છે તેહી આ [7]શુચિ ભૂમિ જિહાં વાલિખિલ્લ દ્રવિડ,
પ્હોંચ્યા પૂર્વે પરમ પદમાં ભેદી કર્મો [8]નિબિડ;
છે આ તેહી ગિરિપ્રવર જ્યાં પાંડુના પુત્ર પંચ,
ઉત્કંઠાથી શિવવધૂ વર્યા છાંડી [9]જન્મપ્રપંચ; ૬.

જીતી રાગાદિક સકલ રે ! [10]ભાવશત્રુ ગણોને,
ત્રોડી નાંખી કરમદલના સર્વથા બંધનોને;
એવા એવા પરમ પુરુષો સિદ્ધ અત્રે અનંત,
+ નિર્ગ્રંથોની ચરણરજથી ક્ષેત્ર આ પુણ્યવંત. ૭.

આવા 'શત્રુંજય[11]' ગિરિ પરે શુદ્ધ ચિત્તે ચઢું જો,
તે સંતોનું સ્મરણ કરીને ભાવશત્રુ જીતું જો;
યાત્રા મ્હારી સફલ થઇ આ, અત્ર આવ્યો પ્રમાણ,
પામે આનું દરશન ખરે ! હોય જે ભાગ્યવાન. ૮.

**ભગવાનદાસ મ. મહેતા.**

---

૭. પવિત્ર, પાવન. ૮. ગાઢ. ૯. સંસાર પ્રપંચ. ૧૦. અંતરંગ શત્રુ–વૈરિ **મહામોહ**, રાગ–દ્વેષ આદિ.

+ નિર્ગ્રંથ=ગ્રંથિ રહિત, ગાંઠ–બંધન રહિત. ગ્રંથિ બે પ્રકારની છે–બાહ્ય, **આભ્યંતર.** મિત્ર, પુત્ર, કલત્ર, ગૃહ આદિ બાહ્ય પરિગ્રહ તે બાહ્ય ગ્રંથિ. મોહ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, પંચ વિષય આદિ અભ્યંતર પરિગ્રહ તે આભ્યંતર ગ્રંથિ. એ બન્ને પ્રકારની ગ્રંથિથી રહિત તે નિર્ગ્રંથ.

૧૧. શત્રુનો જય કરે તે શત્રુંજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું ( જૈન દૃષ્ટિએ ) શુદ્ધ સ્વરૂપ.

( જુદા જુદા ધર્મો તે માટે શું કહે છે. )

( ગતાંક પૃષ્ટ ૫૨ થી શરૂ )

અસંખ્ય આત્માઓ અને એ આત્માઓનાં નિવાસસ્થાનરૂપ અસંખ્ય શરીરોની ઉત્પત્તિ મનુષ્ય રૂપ ઈશ્વરથી થાય છે એવું કેટલાક ધર્મપંથીનું મંતવ્ય છે. દરેક આત્માની ઉત્પત્તિ થતાંજ ( કરતાંજ ) પરમાત્મા તે આત્મા માટે નિવાસસ્થાન રૂપ શરીરની ઉત્પત્તિ પણ કરે છે એમ આ મંતવ્ય ઉપરથી નિષ્પન્ન થાય છે. કોઇ પણ આત્મા પોતાનાં અસ્તિત્વ તેમજ પરિસ્થિતિના સંબંધમાં કોઇ પણ પ્રકારની જવાબદારીથી પોતાની ઉત્પત્તિ સમયે આ રીતે સર્વથા મુક્ત હોય છે. આથી કોઇ આત્મામાં અજ્ઞાનનું પ્રાધાન્ય હોય તો તે માટે ઇશ્વર દોષ પાત્ર ઠરે છે. જો ઇશ્વર આ રીતે અજ્ઞાનપૂર્ણ આત્માઓનું સર્જન કરતો હોય તો અજ્ઞાની આત્માઓની વિશ્વમાં શી જરૂર છે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. સંખ્યાબંધ અજ્ઞાની આત્માઓને ઉત્પન્ન કરીને પરમાત્મા વિશ્વના 'ઉદ્ધારકો' અને પયગમ્બરોદ્વારા અજ્ઞાનનું નિવારણ કરવા માટે પ્રયત્ન કરે એ ઇશ્વરની વિચિત્રતાની પરાકાષ્ટા જ કહી શકાય. વિશ્વના કહેવાતા ઉદ્ધારકો, પયગમ્બરો આદિના ઉપદેશ પ્રાયઃ પરસ્પર વિરૂદ્ધ હોય છે અને તેથી સત્ય-પ્રાપ્તિમાં જનતાની સ્થિતિ વિશેષ વિકટ બને છે.

પરમાત્મા કયામતને દિવસે બધાનો ન્યાય તોળશે એ માન્યતા સાવ વિવેકશૂન્ય લાગે છે. સર્વશક્તિમાન અને ન્યાયી ગણાતો પ્રભુ સર્વને તેમનાં પુણ્ય અને પાપ અનુસાર કયામતને દિવસે પ્રતિફળ આપશે એ મંતવ્ય સર્વથા વિચિત્ર અને અયુક્તિક છે. આટલે લાંબે કાળે સર્વ જીવોને તેમનાં કર્મ અનુસાર સ્વર્ગ કે નર્કની દશા પ્રભુના ન્યાયથી હંમેશને માટે પ્રાપ્ત થાય એ માન્યતા બુદ્ધિથી પર દીસે છે કયામતને દિવસે કોઇ પોતાનાં અજ્ઞાનજન્ય દુષ્કૃત્યનો બચાવ કરે તો તે પરમાત્માને માન્ય નહિ રહે. આ તે વિચિત્રતાની પરિસીમા કે બીજું કંઇ ? કોઇ બાળકનું ગર્ભમાં જ મૃત્યુ થાય તો તેનો ન્યાય પણ કયામતને દિવસે જ તોળાશે ! પરમાત્માની કેવી નિરંકુશતા ! પરમાત્માના ન્યાયમાં કેટલીબધી અનિયંત્રિતતા ! ઘોર અજ્ઞાનના અંધકારમય યુગોમાં કયામત દિન અને પરમાત્માના વિચિત્ર ન્યાય સંબંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન્યતા ભલે નભી શકી હોય. એવી બુદ્ધિરહિત માન્યતા અદ્યાપિ પણ ભલે ટકી હોય. પણ આજના જ્ઞાનયુગમાં એ માન્યતાનો વિનાશ જ સર્જાયેલો છે એ નિઃશંક છે. જે માન્યતા વિચિત્રતાની પરાકાષ્ટા રૂપ હોય, જેમાં બુદ્ધિનો અંશ પણ ન હોય તે માન્યતા આજના સંસ્કૃતિના જમાનામાં વધારે વખત નભી નહિ જ શકે. વીસમી સદીમાં એવી વિવેકશૂન્ય માન્યતાનું અસ્તિત્વ લાંબો કાળ રહે એ અશકયવત્ છે.

આત્મા એ અવિભાજ્ય અને અમિશ્રિત શુદ્ધ દ્રવ્ય હોવાથી તેની ઉત્પત્તિ કોઈથી ન સંભવી શકે. પરમાત્માએ આત્માની ઉત્પત્તિ કરી એ માન્યતા યુક્તિ-યુક્ત નથી. અવિભાજ્ય, શુદ્ધ અને અમિશ્ર દ્રવ્ય અનાદિ અને શાસ્વત્ હોય છે તેની ઉત્પત્તિ ન હોય. આત્મદ્રવ્યની ઉત્પત્તિની માન્યતા એક પ્રકારનો ઉન્માદયુક્ત સંભ્રમ કે મોહદશા છે એમ કહી શકાય

પરમાત્માએ આત્માની ઉત્પત્તિ કરી છે એમ માની લઇએ તો આત્માનું સર્જન પરમાત્માનાં શરીર કે કોઇ આધ્યાત્મિક વસ્તુમાંથી થયું હોય એમ માનવું પડે છે. આત્માનાં સર્જનનાં કારણભૂત આધ્યાત્મિક વસ્તુ એ પરમાત્માના વિભવ રૂપ હોવી જોઇએ એ પણ સ્પષ્ટ છે.* જો આત્માનું સર્જન પરમાત્માનાં શરીરમાંથી થયું હોય તો અસંખ્ય આત્માઓની ઉત્પત્તિને કારણે પરમાત્માનું શરીર દુર્બલ બની જાય એ નિઃશંક છે. પરમાત્મા અક્ષર અને અપરિવર્ત્તનશીલ હોવાથી આ માન્યતા વિવેકશૂન્ય થઇ પડે છે. જો કોઇ આધ્યાત્મિક વસ્તુમાંથી આત્માઓનું સર્જન થાય છે એમ માની લઇએ તો એ વસ્તુ પરમાણુમય કે પરમાણુઓથી રહિત હોવી જોઇએ એ નિર્વિવાદ છે. જો દીવ્ય ગણાતી વસ્તુ પરમાણુયુક્ત હોય તો દરેક આધ્યાત્મિક પરમાણુનાં અસ્તિત્વની સ્વયંભૂતતાને કારણે, પરમાત્માથી આત્માની ઉત્પત્તિ થયાનું સિદ્ધ થઇ શકતું નથી. આત્મા વિશુદ્ધ દ્રવ્ય હોવાથી આધ્યાત્મિક વસ્તુનાં પરમાણુઓથી આત્માઓનું સર્જન થાય છે એમ માની શકાય નહિ આત્માની ઉત્પત્તિનાં કારણભૂત આધ્યાત્મિક વસ્તુ પરમાણુરહિત છે એમ માની લઇએ તો, એ વસ્તુનો વિચ્છેદ સાહજીક રીતે શકય નથી. શૂન્યમાંથી કંઈ પણ વસ્તુ ઉત્પન્ન ન થઇ શકે એની વિચારણા તો થઈ ચૂકી છે.

આ સર્વ ઉપરથી માત્ર એક જ મંતવ્ય પ્રૂલિત થઈ શકે છે અને તે એ કે, આત્માની ઉત્પત્તિ કોઇએ કરી નથી, આત્મા અનુત્પન્ન છે. પરમાત્માનાં

* શુદ્ધ, અમિશ્ર સત્ય દ્રવ્ય સર્વદા અવિભાજ્ય હોય છે. શુદ્ધ સત્ય દ્રવ્યના વિભાગ કોઈ કાળે ન પડી શકે. દરેક અભ્યાસીએ આ હકીકત ખાસ લક્ષમાં રાખવાની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરત્વ કયું સાચું ?

વીરતા બે પ્રકારની કહેવામાં આવે છે. કેટલાક કર્મને-કર્મશાળીમાં રહેલ-વીરત્વ કહે છે ને જ્યારે કેટલાક અકર્મશાળીમાં રહેલ વીરત્વને સાચું વીરત્વ કહે છે. આપ્ત પુરુષો પ્રમાદ એ કર્મ છે અને અપ્રમાદ એ અકર્મ છે તેમ કહે છે. સત્ય ધર્મથી જે અન્ય પ્રવૃત્તિઓ છે તે પ્રમાદ કહેવાય છે અને તે કર્મરૂપ છે, ત્યાજ્ય છે. અને જે પ્રવૃત્તિઓ સદ્ધર્મ યુક્ત હોય છે તે અકર્મ અને ગ્રહણ કરવા યોગ્ય છે. દૃષ્ટાંત તરીકે પ્રાણીઓના નાશ માટે

---

સ્વરૂપ ઉપરથી આત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ થઇ શકે છે. પરમાત્મા અનાદિ અને અનુત્પન્ન છે. આત્મા પણ અનાદિ અને અનુત્પન્ન છે. દ્રવ્યનાં સ્વરૂપમાં કોઈની ઇચ્છા કે માન્યતા અનુસાર પરિવર્તન નથી થઇ શકતું. તાત્પર્ય એ કે દરેક આત્મા અનાદિ, શાસ્વત્ અને સ્વયંભૂ છે. કોઇ પણ આત્માની ઉત્પત્તિ નથી થઇ. પરમાત્મા કે કોઇએ કોઇ પણ આત્માની ઉત્પત્તિ નથી જ કરી.

અસ્તિત્વના ગુણધર્મની દૃષ્ટિએ આત્મા અને પરમાત્મામાં કશોયે ભેદ નથી દીસતો. સુવર્ણ તે સદાકાળ સુવર્ણ જ રહે છે. સુવર્ણમાં ગમે તેટલાં પરિવર્તનો થાય પણ સુવર્ણ તે સુવર્ણ છે. આજ પ્રમાણે આત્મા એ સદાકાળ આત્મા જ છે. આત્મા સર્વત્ર આત્મારૂપે રહે છે. આત્મારૂપ સુવર્ણમાંથી કોઈ અનાત્મીય અસુવર્ણની પ્રાપ્તિ ન જ થાય. દરેક આત્મામાં ભિન્નતા એક જ દૃષ્ટિએ સંભવી શકે છે. કર્મરૂપી અશુદ્ધિનાં મિશ્રણથી આત્માઓમાં એક પ્રકારની ભિન્નતા છે એમ કહી શકાય. આ સિવાય આત્માઓમાં કોઇપણ પ્રકારની ભિન્નતા ન હોઈ શકે. પરમાત્મા અને અન્ય આત્મા વચ્ચે પણ કર્મરૂપી અશુદ્ધિની દૃષ્ટિએ જ વિભેદ રહેલો છે. પરમાત્મા કર્મથી સાવ મુક્ત છે, આત્મા ( સંસારી આત્મા ) કર્મરૂપી અશુદ્ધિથી પરિપૂર્ણ છે. પરમાત્મા સર્વરીતે પરિપૂર્ણ છે, આત્મા પાપમાં નિમગ્ન હોવાથી અનેક રીતે અપૂર્ણ છે, પરમાત્મા એ આત્માનો સર્વોત્કૃષ્ટ આદર્શ છે. પરમાત્માનું સ્વરૂપ સંપૂર્ણ શુદ્ધ અને દીવ્ય છે. પરમાત્મપદ મુક્તિની પ્રાપ્તિ માટે સર્વશ્રેષ્ઠધ્યેય હોવાથી દરેક મનુષ્યે પરમાત્માની યથાર્થ ભક્તિ કરવી ઘટે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શસ્ત્રવિદ્યા શિખવામાં કે કામભોગો માટે માયાદિ સેવવામાં કે સંયમ રહિત-પણે વેરભાવ યુક્ત બની મન, વચ કાયાથી આલોક કે પરલોક માટે કાર્યો કરવામાં, એટલે ખરેખરી રીતે જેમાં આત્માનું અહિત થાય એવી રાગદ્વેષયુક્ત પ્રવૃત્તિઓમાં વીર્ય કે પરાક્રમનો ઉપયોગ તે સંસારમાં રખડાવનાર કર્મ-બંધનનું કારણરૂપ હોવાથી ત્યાગ કરવા લાયક છે.

બુદ્ધિમાન પુરુષ ( જાણકાર ) સમજે છે કે જેમ જેમ મનુષ્ય વધારે ને વધારે જીવનમાં પાપકર્મ કર્યે જાય છે, તેમ તેમ ચિત્તની મલિનતા વધતી જતાં મનુષ્ય વેર, ઝેર-દ્વેષમાં વધારે બંધાતો જઇ દુઃખી થાય છે. સગાસંબંધી વગેરે સાથેનો સહવાસ, તેમ જ સ્વર્ગાદિક, વૈભવો વગેરે નિત્ય રહેવાના નથી તેમ જાણી શ્રેષ્ઠ પુરુષ બધી મમતાનો ત્યાગ કરી શુભ ધર્મયુક્ત અને ઉત્તમ મહાન પુરુષોએ કહેલા મુક્તિમાર્ગે લઇ જનારા સનાતન ધર્મનું શરણુ લઇ પાપકર્મને મૂળમાંથી દૂર કરવા પ્રબળ પુરુષાર્થ આદરે છે. કારણ કે પોતાના આત્મકલ્યાણનો કોઇપણ ઉપાય જણાવવા આવે તે પોતાના જીવન દરમ્યાન શિખી તે માર્ગ ઉપર ચાલે છે, અને ધર્મનું ખરૂં રહસ્ય જાણવામાં આવતા તેમાં પ્રયત્નશીલ થવા છેવટે ત્યાગમાર્ગ ગ્રહણ કરે છે અને સર્વ પાપવૃત્તિઓને, ઇંદ્રિયો અને મન સહિતના દોષોને સમેટી લે છે. પછી કામ-વાસનાઓથી ઉપશાંત થઇ, આસક્તિ રહિત થઈ, માત્ર મોક્ષ માટેનો જ પ્રબળ પ્રયત્ન આદરે છે. આ વીરત્વ તે સાચું વીરત્વ છે અને તે ધર્મવીરોનું છે.

એવો પ્રાણી હિંસા કરતો નથી, જૂઠું બોલતો નથી, ચોરી કરતો નથી, બ્રહ્મચર્ય ધારણ કરી પરિગ્રહ મૂર્છાભાવનો ત્યાગી બની ધર્મનું ઉલ્લંઘન ત્રિકરણ યોગથી કરતા નથી અને આત્માનું રક્ષણ કરતો જીવન જીવે છે. અલ્પ ખાય છે, અલ્પ પીએ છે, અલ્પ બોલે છે, ક્ષમા ધારણ કરે છે અને સર્વ પ્રકારની પાપવૃત્તિઓને ત્યાગી પરમધર્મ આદરી ધ્યાનસ્થ થઇ મોક્ષ પામે છે. આમ જ્ઞાની અને અજ્ઞાની બંને સમાન વીરત્વ દાખવતાં હોવા છતાં અધુરાં જ્ઞાનવાળાનું કે છેક જ અજ્ઞાનીનું ગમે તેટલુ પરાક્રમ હોય તો પણ તે અસત્ય છે અને કર્મબંધનું જ કારણ જ છે; પરંતુ જ્ઞાની અને બોધી મનુષ્યનું પરાક્રમ ખરૂં-સાચું-સત્ય વીરત્વ છે.

શાસ્ત્રમાં કહેવામાં આવે છે કે કીર્તિની ઇચ્છાએ કરેલું તપ જેમ શુદ્ધ નથી તેમ જે તપ શુદ્ધ ધ્યેયથી કર્યું હોય, બીજાને જણાવવા ન કર્યું હોય તે જ ખરૂં તપ છે તેમ વીરત્વ માટે સમજવું.

સંપાદક-G.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત પદ સંગ્રહ.

**સજ્જન અને દુર્જનમાં તફાવતઃ**—બ્રાહ્મણો ભોજનવડે, મયૂરો મેઘના ગર્જારવવડે, સાધુઓ પરોપકારવડે અને દુર્જનો પારકી વિપત્તિવડે રાજી થાય છે. દુર્જનો દોષગ્રાહી અને સજ્જનો ગુણગ્રાહી હોય છે, દુર્જનો કાગડા કે ભૂંડ જેવા નીચ સ્વભાવને ધારણ કરનારા હોય છે ત્યારે સજ્જનો હંસ જેવા ઉત્તમ સ્વભાવને ધારણ કરનારા હોય છે. દુર્જનને કરેલો બોધ કે ઉપકાર ઉલટો પડે છે ત્યારે સજ્જનો તે માટે કૃતજ્ઞતા માની પોતે પણ તેનો ઉત્તમમાર્ગ ગ્રહી સ્વપર હિતમાં વધારો કરે છે. ' સજ્જન મુખ અમૃત લવે, દુર્જન વિષની ખાણ ' સજ્જનોની વાણીમાં સ્વભાવિક મીઠાસ હોય છે, દુર્જનની વાણીમાં કડવાશ અને કાતિલતા હોવાથી તે સ્વપરને ભારે અનર્થકારી નીવડે છે. સજ્જનો સંતાપ કરનારને પણ તેઓ ચંદન, શેલડી અને કાંચનની પેઠે લાભ, શાન્તિ, શીતલતાદિક સમર્પે છે. પોતે દુઃખ સહન કરીને પણ અન્યને સુખ શાતાદિક ઉપજાવવા પ્રયત્ન કરે છે; ત્યારે દુર્જનો વગર કારણે શત્રુતા ધારણ કરે છે.

**' તપનું પરિણામ '** :—ખરૂં જોતાં સુખ કે દુઃખ કોઇ દઇ શકતું નથી. સુખ કે દુઃખ કોઇ બીજો આપે છે એવી ખોટી માન્યતા દુર્બુદ્ધિજનિત છે, પૂર્વે કરેલ કર્મ અનુસારે જ સુખ દુઃખ પ્રાપ્ત થાય છે ( તેમાં બીજા તો કેવળ નિમિત્તરૂપ થાય છે ) પૂર્વે કરેલ દુષ્કર્મ નિશ્ચે તપવડે ઓછું થઇ શકે છે.

**' બુદ્ધિશાળી આટલી વાતને ગોપવે છે '** :—અર્થ નાશ, મનનો તાપ-સંતાપ, ઘરનાં દુશ્ચરિત્ર, કોઇ ઠગી ગયું હોય તે તથા કોઇએ કરેલ અપમાન. એટલી વાતો ડાહ્યો-ગંભીર માણુસ જાહેર થાય એમ પ્રકાશતો નથી.

**ખરી પંડિતતા કઈ?** :—સ્વપર હિત કાર્યમાં જેની મતિ સ્થિર પરિણામદર્શી રહેતી હોય તેની જ પંડિતતા અહીં સાચી લેખવી. બાકીનાને શુકપાઠીસમા પુસ્તકનો પાઠ કરી જાણનારા સમજવા.

**ગુરૂની અવજ્ઞા-આશાતના કરનારની કેવી બુરી દશા થાય છે?**—કલ્યાણકારી એવા એક અક્ષર કે પદને પ્રેમપૂર્વક દેનાર પરોપકારી આત્માને જે ગુરૂ તરીકે આદર-સત્કાર કરતો નથી, ઉલટો એમનું અપમાન-અવજ્ઞા આશાતનાદિક કરે છે તે સેંકડોવાર શ્વાનયોનિમાં અવતરી, ચાંડાલયોનિઓમાં જન્મી ભારે તિરસ્કારપાત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂર્વ પુન્યનાં ફળ આવાં હોય છેઃ**—જેણે પૂર્વ જન્મમાં પુષ્કળ પૂન્ય-સુકૃત કર્યું હોય છે તેને ભયંકર અટવી શ્રેષ્ઠનગરી સમી, સર્વ કોઇ તેને બહુ અનુકુળપણે વર્તનાર અને સઘળી પૃથ્વી ઉત્તમ રત્ન નિધાનથી સંપુર્ણ થઇ પડે છે. એમ સમજી સહુએ સુકૃત્ય-કરણી શુદ્ધપ્રેમપૂર્વક કરી સ્વપર ઉપકાર કરી લેવા સાવધાનપણે વર્તવું જોઇએ. "જૈનધર્મતે અનુસરનાર દરેકે આટલી હિતશિક્ષા અવશ્ય આદરવી જોઈએ." અન્ય કોઈ જીવને નાહક પીડા-પ્રતિકૂળતા થાય તેવું વર્તન તજી દીલમાં દયા-કોમળતા રાખવી જોઇએ. અન્ય જીવને સ્વઆત્મા સમાન લેખી તેની સાથે પ્રતિકૂળપણે ન વર્તી તેને સુખ-શાન્તિ ઉપજે તેમ વર્તવું ઘટે. પ્રિય-પથ્ય અને સત્ય વચનવડે બને તેટલું સ્વપરહિત કરવું જોઇએ. પરજનોએ અણુ દીધેલી, અણુહકની કોઈપણ પરાઇ વસ્તુ તેમને છેતરીને લેવી નહીં જોઇએ. પર સ્ત્રી-વેશ્યાગમનથી સર્વથા વિરમવું જોઇએ અને વિવાહિત સ્વસ્ત્રી સાથે પણ ખૂબ સંતોષથી વર્તવું પણ તેને કોઈ રીતે ત્રાસ-અસમાધિ ઉપજે એમ અનીતિ આદરવી ન જોઇએ. ધન-ધાન્યાદિક નવવિધ પરિગ્રહની અધિક મૂર્છા-મમતા તજીને તેની જરૂર જણાય તેટલી યોગ્ય મર્યાદા બાંધી તેનું ઉલ્લંઘન કરવું જોઇએ નહીં. અને માંસ, મદિરા, મધ, માંખણુ અને રાત્રીભોજનાદિક અભક્ષ્ય વસ્તુનું સેવન-ભક્ષણુ કરવાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ઉક્ત બાબતમાં દવાદારૂના મીશે તથા વિવેક ભવભીરૂતાદિકની ખામીથી ગૃહસ્થવર્ગમાં તેમજ ત્યાગી સમુદાયમાં પણ શિથિલતા વધતી જતી જોવાય છે તે ખેદજનક છે અને ભવિષ્યની પ્રજાના હિતાર્થે પણ જલ્દી સુધારી લેવા યોગ્ય છે.

**'કર્મ-શત્રુથી કોઈ મુક્ત થઈ શકતાં નથી':**- રાજાઓ, વિદ્યાધરો, વાસુદેવો, ચક્રવર્તીઓ, દેવેન્દ્રો અને વીતરાગો પણ કર્મ-રિપુઓથી મુક્ત થઇ શકતા નથી જ તો પછી અન્ય સામાન્ય જીવોનું કહેવું જ શું ?

**શરીરાદિકની અનિત્યતા-ક્ષણભંગુરતા જાણી જોઈ ધર્મનો આદર કરવોઃ**—ગમે તેનાં મજબુત શરીરો પણ અનિત્ય ક્ષણભંગુર છે. અને લક્ષ્મી પણ અસ્થિર ( હાથતાળી દઈ ચાલી જાય તેવી ચંચળ ) છે. અને મૃત્યુ જોતજોતામાં પૂરૂં થઇ જાય એવું નિત્ય નજીક આવતું જાય છે; એમ સમજી શાણા-ચકોર જીવોએ પ્રમાદ તજીને સાવધાનપણે ધર્મનો આદર કરવો. 'પાત્ર સુપાત્રમાં નિઃસ્વાર્થપણે અપાયેલ દાન અનંતગણો લાભ આપે છે.'

**ખરા ન્યાયનિપુણનું કર્ત્તવ્ય :**—અન્ય નીતિ-નિપુણો ચ્હાય તો નિંદા કરો અથવા તો સ્તુતિ કરો; ધન-સંપદા યથેષ્ટ આવી મળો અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ચાલી જાઓ; આજે જ મૃત્યુ આવો અથવા યુગાન્તરે આવો પરંતુ ધીર પુરૂષો ન્યાય નીતિવાળા માર્ગથી એક ડગ પણ ચળિત થઇ-ઉલ્લંઘન કરી ચાલતા નથી. આવા ઉત્તમજનોનું જ જીવિત સફળ હોઇ ઉન્નતિ ગામી થઇ શકે છે

**સજ્જનોના સંસર્ગનું ફળ**—મહા પ્રભાવશાળી સજ્જનનો સંસર્ગ કોને ઉન્નતિકારક થતો નથી ? જૂઓ શેરીનું ગંદુ જળ ગંગા નદીના સંગથી દેવતાઓને પણ વંદનિક બને છે. એવં પાપ-દોષથી મલીન આત્મા ઉત્તમ સાધુ પુરૂષોના સંસર્ગથી ભારે ઉન્નતિને પામી શકે છે.

**દુર્જનોની સંગતી કરવી નહીં**—મહાભયંકર પર્વતની ઘાટીઓમાં વનચરો સાથે ભમવું સારૂં પણ સુરેન્દ્ર ભવનોમાં પણ મૂર્ખજન સંગાતે વસવું સારૂં નહીં. મૂર્ખ-દુર્જનની સંગતિથી જીવ અધોગતિ પામે છે.

**નરકનાં ચાર દ્વાર**—પ્રથમ રાત્રીભોજન ( પશુની પેરે વિવેક રહિત રાત્રે ગમે તે આરોગવું ), બીજું પરસ્ત્રી સેવન ( પરસ્ત્રી સાથે વ્યભિચાર ) ત્રીજું બોળ અથાણું ( જેમાં અસંખ્ય બે ઇન્દ્રિયાદિક જીવોની ઉત્પત્તિ અને લય થયા કરે છે ) અને ચોથું આદૂ, મૂળા, ગાજર પ્રમુખ બત્રીશ અનંતકાય ( જેમાં ક્ષણે ક્ષણે અનંત બાદર વનસ્પતિકાય જીવોની ઉત્પત્તિને લય થયા કરે છે ) નરકગતિના દ્વારભૂત ઉક્ત ચારે દોષોને સમજી તજવાથી નરક જેવી નીચી ગતિમાં જવું પડતું નથી. પણ સ્વર્ગાદિક ઉંચી ગતિને લાયક થવાય છે.

**પાત્રતા પ્રમાણે બોધ કરવો**—જેને જે રીતે બોધ થઇ શકે તેને તે રીતે કુશળ ઉપદેશ કે બોધ કરવો જોઇએ. તોજ તે સફળ થઇ શકે છે. અન્યથા કરેલો શ્રમ અફળ થાય છે અને ઉલટો અનર્થરૂપ થવા પામે છે.

**વેશ્યાનો સંગ કામ-અગ્નિની જ્વાળા જેવો છે**-તેની આકર્ષક રૂપાદિકની જ્વાળામાં કામાંધજનો યૌવન અને ધનને હોમી બેહાલ બને છે.

**આ પાંચ પિતાતુલ્ય છે**—૧. જન્મદાતા, ૨. પાલક-પોષક, ૩. વિદ્યા દાતા (પ્રેમથી જ્ઞાન-દાન આપનાર) ૪ અભયદાતા અને ૫. ભયમાંથી મુક્ત કરનાર.

**હાંસીથી કર્મબંધ થાય છે**—સહજ સહજમાં બહુ હસવાની ટેવથી જીવો દ્રઢ કર્મબંધન કરે છે. જ્યારે તે ઉદયમાં આવે છે ત્યારે કાર્ય પ્રસંગે રોતાં રોતાં પણ તેનું ફળ ભોગવવું પડે છેજ. એમ સમજી શાણા ભાઇ-બ્હેનોએ અતિહસવાની યા નાહક પારકી હાંસી કરવાની કુટેવ તજવી જોઇએ.

**સ્વર્ગસમું સુખ**—પુષ્કળ ધન-સમૃદ્ધિ રાજકુળમાં આબરૂ-સત્કાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુકૂળ-પતિના આશયને અનુસરી ચાલનારી ભાર્યા, ધર્મસેવનમાં આદર અને શાણા સજ્જનોની સંગતિ એ છ વાનાં પૃથ્વી ઉપર પણ સ્વર્ગસમાં સુખદાયક લેખાય છે. સદ્ધર્મ સેવનમાં અપ્રમાદ અને પરોપકારક રસિક સજ્જનોની સોબતવડે ભવ્યાત્માઓ ભારે ઉત્તમ લાભ સહેજે મેળવી શકે છે.

**કુકર્મ-પાપાચરણ કરવાથી**—પુન્ય-સુકૃત કરણી નષ્ટ-નકામી-નિષ્ફળ થઇ જાય છે એમ સમજી પરિણામદર્શી જીવોએ કુકર્મનો માર્ગ તજવો.

**સત્ય-શુદ્ધ ધર્મની ઉપાસના વગર**—સાચું સુખ સાંપડવાનું નથી.

**સુશાસ્ત્ર પરિચયવડે**—સુબુદ્ધિજનો સ્વજીવન સફળ વ્યતીત કરે છે

**પૂર્વ પુન્યયોગે**-પ્રાપ્ત થયેલી શુભ સામગ્રીનો સદુપયોગ કરી લેવો જોઇએ.

**સાત પ્રકારે ચોર**—ચોર, ચોરને સહાય કરનાર, તેને તેવી ખોટી સલાહ આપનાર, તેની ખાનગી ગુપ્ત વાતને જાણનાર, ચોરાઉ વસ્તુને વેચાતી લેનાર, ચોરને અન્ન અને સ્થાન દેનાર એ સાત પ્રકારના ચોરો લેખાય છે.

**આળસુને**—વિદ્યા કયાંથી વરે ? વિદ્યા વગરનાને ધનપ્રાપ્તિ આદિક કયાંથી થાય ? નિર્ધનને મિત્રો કયાંથી સાંપડે ? અને મિત્રહિનને બળ કયાંથી મળે ?

**સાતે દયાહિન**—જૂગારી, કોટવાળ, તેલી, માંસ વેચનાર, શિકારી, રાજા અને વૈદ્ય એ સાત જણાં ( પ્રાયે ) દયાહિન હોય છે.

**મૂર્ખ આગળ વાણીવિલાસ**—મૂર્ખો આગળ વિદ્વાનોનો વાણીવિલાસ, અંધ સભાસદોની આગળ વેશ્યાના નાચ જેવો નકામો છે. ખાનપાનમાં વગર ઉપયોગે થતો અનર્થ-પેટમાં કીડી જાય તો બુદ્ધિ હણે. જૂં પેટમાં જાય તો જળોદર થાય. માંખી આવે તો વમન થાય અને કરોળીયો આવે તો કોઢ રોગ પેદા થાય. રાત્રે એવી જયણા ઓછી જ પળે તેથી પરોપકારી જ્ઞાની પુરુષોએ રાત્રીભોજનનો સર્વથા નિષેધ કર્યો છે. વાળ ગળે વળગી રહે તો સ્વરભંગ થાય ઇત્યાદિ અનેક પ્રગટ દોષો સર્વકોઇ રાત્રીભોજીને થવા પામે છે. ઊપરાંત ઘૂડ, કાગ, મંજાર, ગીધ. મ્લેચ્છ, ભૂંડ, સર્પ, વીંછી અને ગોધા જેવાં નીચ અવતારો રાત્રીભોજીને કરવા પડે છે. શાસ્ત્રકારોએ રાત્રે આહૂતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજા, દાન અને ભોજન કરવાનો વિશેષે નિષેધ કરેલો જાણી સહુએ વિવેકથી વર્તવું ઘટે.

**સ્ત્રી જાતિમાં સ્વાભાવિક દોષો**—જૂઠ, સાહસ, માયા-કપટ, મૂર્ખત્વ, અતિલોભતા, અશુચિવેડા, અને નિર્દયતા એ સ્ત્રી-જાતિમાં સ્વાભાવિક દોષો કહ્યા છે છતાં પૂર્વના શુભ સંસ્કારયોગે કંઇક સતી સ્ત્રી રત્નો તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચર્ચાપત્ર

હાલમાં શ્રી પુંજાભાઇ જૈન ગ્રંથમાળાના મણુકા તરીકે શ્રી મહાવીર-પ્રભુનો સંયમધર્મ (શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર) તથા આચારધર્મ (શ્રી આચારાંગ સૂત્ર) એ બે સૂત્રોનો અનુવાદ (બે બુકો) પ્રગટ થયેલ છે. તેના સંપાદક ગોપાળદાસ જીવાભાઇ પટેલ છે. તેના ઉપોદ્દ્ઘાતો કે ભાષાંતરો વિદ્વતાદૃષ્ટિએ કે ભાષાશૈલી ગમે તેટલી સરળ હોય છતાં શ્રી જૈન આગમોના પ્રખર અભ્યાસી મુનિ મહારાજો વગેરેથી થયેલાં આવા ભાષાંતરો; જે સ્ખલનારહિત અને શુદ્ધ હોય છે, તેવા જૈનેતર બંધુ (આગમોના અભ્યાસ વગરના) વા વિદ્વાન મહાશયો કરે તેમાં સ્ખલના પામ્યા સિવાય રહેતી નથી, અને અમે ગયા આત્માનંદ પ્રકાશના અંકમાં પ્રથમ ગ્રંથ શ્રી મહાવીર પ્રભુનો સંયમ ધર્મ (શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર) ના અનુવાદ બુકની સમાલોચના માત્ર સામાન્ય દૃષ્ટિથી (કારણ કે પૂર્ણ સમાલોચના તો શ્રી આગમોના પ્રખરઅભ્યાસી કરી, સંપૂર્ણ ન્યાય આપી શકે) લીધેલી છે, પરંતુ ત્યારબાદ એક વિદ્વાન્ મુનિ મહારાજના તરફથી તેના ઉપોદ્દ્ઘાતમાં સ્ખલના (ગ્રંથનો અનુવાદ તપાસે છે) છે તેમ અમોને જણાવવા કૃપા કરે છે, જેથી આવા આગમોના પ્રગટ થતાં ગ્રંથોના અનુવાદમાં કયાં કયાં સ્ખલના છે તે પ્રેમભાવે ન્યાયદૃષ્ટિએ આગમના અભ્યાસી મુનિ મહારાજ કે વિદ્વાન બંધુઓ પ્રકટ કરવા અને અનુવાદક મહાશયને જણાવવા સુચના છે. અમોને જણાવશે તો અમો પણ આત્માનંદ પ્રકાશમાં પ્રકટ કરીશું અથવા અનુવાદક મહાશયને જણાવશું. **( તંત્રીમંડળ )**

---

અપવાદ રૂપે હોઇ તે તે દોષોથી મૂકત હોય છે. તેથી જ તેઓ પ્રાતઃ સ્મરણીય બનવા પામે છે.

**વિશ્વાસ નહીં કરવાલાયક**—વીજળી જેવી ચંચળ સ્ત્રીઓનો, રાજાઓનો, દુર્જનોનો, સ્વાર્થી જનોને અને ઠગાઇ કરનારાઓનો શાણાં જનોએ વિશ્વાસ કરવો નહીં. તેમનાથી જેમ બને તેમ ડહાપણ વાપરીને ચેતતા–સાવચેત રહેવું. અન્યથા ભૂલથાપ ખાવાથી ભારે દુઃખ આપત્તિના ભાગી થવું પડે છે.

**ઇતિશમ્.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આવતી ચોવીસીમાં કોના કોના જીવ તીર્થંકર ભગવાન કયા નામથી થશે અને તે હાલ કઇ ગતીમાં છે ?

| | કોનો જીવ | હાલ કયાં છે ? | કયા નામથી તીર્થંકર થશે |
|---|---|---|---|
| ૧. | શ્રેણિક | પહેલી નરકે | પદ્મનાભ |
| ૨. | સુપાર્શ્વ (મહાવીરના કાકા) | બીજા દેવલોકે | સુરદેવ |
| ૩. | ઉદાયી (કોણીકનો પુત્ર) | ત્રીજા દેવલોકે | સુપાર્શ્વ |
| ૪. | પોટિલ (સાધુનો જીવ) | ચોથા દેવલોકે | સ્વયંપ્રભ |
| ૫. | દ્રઢકેતુ (શ્રીમલ્લીનાથના કાકાજી) | બીજા દેવલોકે | સર્વાનુભૂતિ |
| ૬. | કાર્તિકશેઠ ( આણંદ ગાથાપતિનો બાપ) | પહેલા દેવલોકે | દેવશ્રુત |
| ૭. | શંખ શ્રાવક | બારમા દેવલોકે | ઉદયપ્રભ |
| ૮. | આનંદ શ્રાવક | પહેલા દેવલોકે | પેઢાળ |
| ૯. | સુનંદા | પાંચમા દેવલોકે | પોટિલ |
| ૧૦. | શતક શ્રાવક | ત્રીજી નરકે | શતકીર્ત્તિ |
| ૧૧. | દેવકી | આઠમા દેવલોકે | મુનિસુવ્રત |
| ૧૨. | કૃષ્ણ | ત્રીજી નરકે | અમમ |
| ૧૩. | હરશતકિ રાવણનો પુરોહિત | પાંચમા દેવલોકે | નિઃકષાય |
| ૧૪. | બળદેવ | છઠ્ઠા દેવલોકે | નિઃપુલાક |
| ૧૫. | સુલસા | પાંચમા દેવલોકે | નિર્મમ |
| ૧૬. | રોહિણી | બીજા દેવલોકે | ચિત્રગુપ્ત |
| ૧૭. | રેવતી (બળદેવની માતા) | બારમા દેવલોકે | સમાધિ |
| ૧૮. | સભાળ | આઠમા દેવલોકે | સંવર |
| ૧૯. | દ્વીપાયન (દ્વારકાનો બાળનાર) | અગ્નિકુમાર ભુવનપતિમાં | યશોધર |
| ૨૦. | કોણિક | બારમે દેવલોકે | વિજય |
| ૨૧. | નારદ | પાંચમા દેવલોકે | મલ્લિનાથ |
| ૨૨. | અંબડતાપસ | બારમા દેવલોકે | દેવજીત |
| ૨૩. | અમર | નવમાગ્રૈવેકે | અનંતવીર્ય |
| ૨૪. | સ્વયંબુદ્ધ | સર્વાર્થસિદ્ધે | ભદ્રજીન |

* ૧૫ તથા ૧૬ માં નામોના અનુક્રમમાં કોઇ કોઇ સ્થળે ફેરફાર જોવાય છે. ઉપરોકત નામોમાં પણ કેટલેક સ્થળે ફેરફાર જોવાય છે જેથી વિશેષ જાણકારથી જાણી લેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મયોગી મહાત્મા આનંદઘનજી મહારાજ.

જે વખતે સમાજમાં ખૂબજ અંધાધુંધી પ્રવર્ત્તતી હતી, સાચી વાત સાંભળવાને પણ કોઈ તૈયાર ન હતું; બલ્કે તેવી સત્ય વાત વદનારને ખૂબ જ સહન કરવું પડતું હતું એવા વિષમ સમયમાં યોગીરાજનો જૈન સમાજની સાથે યોગ થયો હતો તેઓ સ્પષ્ટવકતા, પ્રખર વિદ્વાન, મહા સંયમી અને અધ્યાત્મપંથના એકલવાયા પથિક હતા. પણ જૈન સમાજ તેમને પીછાની શકે તેટલો તૈયાર ન હતો. તેમના સ્તવનો માંહેથી—

"જેહને પિપાસા હો અમૃત પાનની
કીમ ભાંજે વિષપાન."

× × ×

"આગમવાદ હો ગુરૂગમ કો નહીં
એ સબલો વિષવાદ."

× × ×

"ગચ્છના ભેદ બહુ નયન નિહાળતા
તત્વની વાત કરતાં ન લાજે."

× × ×

આ વાકયો જોતાં તે વખતની પરિસ્થિતિનો કંઈક અંશે ખ્યાલ આવી શકે છે. તેમની સ્પષ્ટ કહેવાની પદ્ધતિથી આખરે તેમને જૈન સમાજનો સંસર્ગ છોડવો પડયો અને વનવાસી અબધૂત બન્યા.

તેમના માટે અનેક કિંવદંતિઓ અને દંતકથાઓ સંભળાય છે. તેમાં ઘણુંએ સત્ય અને કેટલુંક મિશ્ર પણ હશે. તેમના જીવન વિષે હમણાં જ એક વિશ્વાસપાત્ર સ્થળેથી નીચેની હકીકત સાંભળી છે. તે વાચક બન્ધુઓ પાસે ધરૂં છું. સાચી અધ્યાત્મીકતાની સાધના થયેથી આવું બનવું અશકય તો નથી જ.

આનંદ સ્વરૂપમાં મસ્ત રહેનાર શ્રીમાન્ આનંદઘનજી મહારાજ જ્યારે નગરવાસી મટી વનવાસી બન્યા ત્યારપછીનો આ પ્રસંગ છે

એક ગામમાં તેમના પરમરાગી એક શ્રાવકભાઈ વસતા હતા. આનંદઘનજી મહારાજ પ્રત્યે તે ભાઈનો રાગ અસ્થી મજ્જાવત્ હતો. પ્રસંગોપાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગીરાજ તેમને ત્યાં આવતા અને તેમના માટે ખાસ જુદો જ એક ઓરડો હતો તેમાં તેઓ રહેતા. ઇચ્છા ઉપડયેથી તેઓ ચાલ્યા જતા. હવે તો ઘરનાઓ પણ તેમની આ રીતથી ટેવાઇ ગયા હતા અને તેઓ જાણતા કે તેમનું આવાગમન યથેચ્છ રીતે થતું હતું. કોઇનો પ્રતિબંધ તેમને નડતો ન હતો. માનની પણ તેમને જરાએ ભૂખ ન હતી. ક્ષુધા તૃષાનું પણ જાણે તેમને ભાન ન રહેતું હોય તેમ જણાતું હતું.

કાળાંતરે તે ગૃહસ્થના સંજોગોમાં અણધાર્યો પલ્ટો આવ્યો. ચોમેરથી નુકશાનીના વાદળ તેમના પર છવાયા અને એ રીતે તે ગૃહસ્થ ખૂબ જ આર્થિક મુંઝવણમાં સપડાયા. બરાબર તે જ સમયે યોગીરાજનું તેમને ત્યાં આગમન થયું. શેઠે તેમના દરેક માણસોને તાકીદ દીધી કે–" ગમેતેમ થાય પણ આ મહાત્માને આ વાતની ખબર પડવી ન જોઇએ. ગૃહસ્થના જીવનમાં આવરણો તો અનેક પ્રકારના આવ્યા જ કરે. પણ તેથી એવી ક્ષુદ્ર બાબતો આવા મહાપુરૂષને કાને ન જ જવી જોઇએ, તેમને આપણી ખાતર લેશ પણ સંતાપ થાય તે ઇચ્છવાજોગ નથી. માટે કોઇએ પણ આ વાતની જાણ આ મહાપુરૂષને ન જ કરવી."

શેઠે બહુ પ્રકારે પ્રસન્નતા ધરવા પ્રયત્ન કર્યો પણ હૃદયનો આરીસો મુખ ગણાય છે એટલે હૃદયના ભાવોનું પ્રતિબિંબ મુખ ઉપર આવ્યા વિના કેમ રહી શકે ? અને તે પણ શ્રીમાન્ આનદઘનજી મહારાજ જેવા યોગીથી કેમ ગુપ્ત રહી શકે ? શેઠનું શોક–ગ્લાનિયુક્ત મુખ જોઇ આનંદઘનજી મહારાજે નોકરને તે વિષે પૂછ્યું. પ્રત્યુત્તરમાં નોકરથી પણ બધી પરિસ્થિતિ કહેવાઈ ગઈ. ત્યારપછી આનંદઘનજી મહારાજ તો વ્હેલી સવારમાં વિહાર કરી ગયા.

એ અરસામાં અનેક સ્થળેથી લેણદારો શેઠ ઉપર લેણું વસુલ કરવા ચઢી આવ્યા. એક સાથે વધુ મનુષ્યો આવવાથી ઉતરવાની જગ્યાની પણ અગવડ થઇ. આથી ન છૂટકે આનંદઘનજી મહારાજવાળો ઓરડો મ્હેમાનને ઉતારો દેવા માટે ખોલતાં તેમાં પુષ્કળ સુવર્ણ દ્રવ્ય ખડકેલું માલુમ પડયું. તે જોઇ બધા લેણદારો તાજુબ થઈ ગયા. અને પોતે આવા ગૃહસ્થો ઉપર ઉતાવળ કરીને વ્યર્થ તવાઈ લાવ્યા છે એમ સમજી શેઠની ક્ષમા યાચી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. આ તરફ શેઠની દીલગીરીનો પાર જ ન રહ્યો કે:–અહો ! મારી ખાતર યોગીશ્વરને કેટલી તકટીફ ઉઠાવવી પડી ? થોડારોજ પછી ફરી પાછા આનંદઘનજી મહારાજ પધાર્યા. ત્યારે શેઠે પગમાં પડી શા માટે આ પ્રમાણે કર્યું ? એમ પૂછ્યું. મહારાજે જવાબ આપ્યો કે " મેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં

## દશ્ય બીજું. (૨) જ્ઞાન પંચમી.

સંતની જોડે, કાયોત્સર્ગ કરી બેસતાંજ, વિનયકાંતે કોઈ જુદું જ દશ્ય નિરખ્યું—

જ્ઞાનપંચમી જેવું મહાન્ પર્વ એની આરાધના વિહુણુ ભાગ્યે જ કોઇ ગામ શોધ્યું જડે! પણ સર્વત્ર 'વાયસા કૃશ્ના' જેવું! એજ જુનો ચીળો! કાગળના ભુંગળા ને કલમ માટે બરૂ! વર્ષોના વહાણા વાયા છતાં દેશ–કાળના વિલક્ષણ પરિવર્તન ને સમય સમયના ઉલ્ટા–સુલ્ટા તડકા છાંયા પથરાયા છતાં એની એ જ પ્રથા વિદ્યમાન!

---

નહીં જાનતા હું. તેરે ભાગ્યમેં હોગા.* "

આ મહાપુરુષના આવા તો અનેક પ્રસંગો બન્યા હશે. પરંતુ તે જાણવા માટે આપણી પાસે સંપૂર્ણ ઇતિહાસ નથી એ ખેદજનક છે.

તેમની કૃત ચોવીશીમાં ભક્તિ–આધ્યાત્મતા–અને ક્રિયા આવશ્યક્તા વિગેરેના દર્શન થાય છે. જ્યારે તેમના પદોમાં મોટા ભાગે આધ્યાત્મીક્તાના જ દર્શન થાય છે. એક એક શબ્દ અંતરના ઉંડાણમાંથી નીકળ્યો હોય તેવી સચોટ અસર વાંચનાર પર પડે છે. એ મહાપુરુષ જવા છતાં એ આટલે કાળે પણ તેઓ અક્ષર દેહે આપણી સન્મુખ નિત્ય હયાત જ છે.

જૈન સમાજરૂપ આકાશમાં તેમના સમકાલીન તારલારૂપ જો કોઇ આપણી નજરને આકર્ષતું હોય તો તે શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી છે. તેમનું પ્રખરપાંડિત્ય તથા અજબ ઓજસની સાક્ષી આજે પણ તેમના ગ્રંથો આપી રહ્યા છે. તે સિવાય ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ, જ્ઞાનવિમળસૂરિજી, શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ વિગેરે પણ લગભગ તેજ સમયના છે. તેમ જ તેઓ સર્વે મહાન વિદ્વાન પણ હતા.

એ સર્વ મહાપુરુષોને તે વખતના સમાજે પીછાણ્યા નહોતા. આજે તે સર્વ મહદ્ વ્યક્તિઓ તરીકે પૂજાય છે. ખરેખર મહાપુરુષોને તેમની હાજરીમાં પીછાનવામાં દરેક સમાજ પછાત જ હોય છે. **રાજપાળ મગનલાલ વ્હોરા.**

---

* આ હકીકત તે શેઠના વંશજ તરીકે વિદ્યમાન ભાઇએ આ લેખકના એક સ્નેહીને મોઢે કહેલી. તેમની પાસેથી તે બિના જાણી મેં અત્રે રજુ કરેલ છે. **રા. મ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારતક શુદ પાંચમ આવે, ઉપાશ્રયના એકાદા ખૂણે જ્ઞાનના સાધન સમી ત્રણ, પાંચ કે સાત પોથીઓને સુંદર ચંદરવા ને પુંઠીયા સહિત ઊંચા આસને ગોઠવાય, સમિપમાં દીપક બળતો હોય અને ધૂપની સુવાસ મહેકતી હોય ! ઝાઝી પોથીઓ આણુવાની તસ્દી બચાવવા સારૂ થોડાં પુસ્તકો પણ ગોઠવી દેવામાં આવેલાં હોય ! વર્ષોવર્ષ થતી આ જાતની કાર્યવાહી આજે નજર સામે સિનેમાના ચિત્રપટ સમી રમી રહી. એમાં અમદાવાદ કે મુંબઇ, ભાવનગર કે જુનાગઢ, પાલણપુર કે પાલીતાણા, ખેડા કે ખંભાત, સુરત કે સિરોહી, પાટણ કે પેથાપુર આદિ કેટલાયે સ્થળોનું વિહંગાવલોકન થઈ રહ્યું ! સુંદર સુશોભિત વસ્ત્રાલંકારોમાં સજ્જ થયેલ નર–નારી અને બાળકોનો સમુદાય, જાતજાતના નૈવેદ્ય સહિત જ્ઞાનપૂજાના મોંઘેરા સાધન–કાગળનું ભુંગળુ ને બરૂની લાકડી–સાથે આવી રહ્યાં છે ! નમસ્કાર–વંદનપૂર્વક ભક્તિ કરી, વિવિધ આલાપોમાં લલકારી રહ્યાં છેઃ

આરાધો ભલી ભાતસે, પાંચમ અજુઆળી;
જ્ઞાન આરાધન કારણે, એહજ તિથિ નિહાળી.
× × ×
જ્ઞાન વિના પશુ સારિખા, જાણે એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર.
× × ×
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કઠીણ કર્મ કરે ખેહ;
પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે તેહ.
× × ×
જ્ઞાન વિના ક્રિયા કહી, કાસકુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન.
× × ×
પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહીં કોઇ જ્ઞાન સમાન રે.

આવા કેટલાય વિવિધવર્ણી નાદોથી વાતાવરણ ગાજી ઉઠયું છે, પણ એમાંનો ભાવ કેટલા સમજતાં હશે !

અરે, અહીં ઉપાધ્યાયજીની દેશનામાં પણ જ્ઞાન આરાધન સંબંધી અધિકાર ચાલી રહ્યો છે. વરદત્ત ને ગુણમંજરીની કથા લલિત વાણીમાં પ્રવાહિત બની રહી છે. એની સાથે મેળ સાંધતાં કેટલાયે શીરો ડોલાયમાન થઇ રહ્યાં છે !

તપમાં પણ એવી જ વિશિષ્ટતા ! સૌભાગ્યપંચમી જેવા મહામંગળકારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવસે કોઇ રડ્યોખડ્યો જૈન જ છૂટા મુખે ખાતો હશે. પૌષધ-ઉપવાસ કે એકાસનના પચ્ચખાણ તો ખરાં જ.

પાછલા પહોરની ઘડિયો ગણાતાં જ દેવવંદન શરૂ થાય છે. તરત જ કર્ણપટ પર નિમ્ન વાકયો અથડાય છે.

ગુણ અનંત આતમતણા, મુખ્યપણે તિહાં હોય;
તેમાં પણ જ્ઞાન જ વડું રે, જિણથી દર્શન હોય.
જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કર્મ કરે નાશ;
વન્હિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ.
જ્ઞાન સાર સંસારમાં રે. જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગ જીવડા રે, ન લહે તત્ત્વસંકેત.
જ્ઞાન રસાયણ પાનથી, મીટ ગઇ પુદ્દગલ આશ;
અચળ અખંડ સુખમાં રમું, પૂરણાનંદ પ્રકાશ.

× × ×

પણ આ શું આશ્ચર્ય ! જ્ઞાનપંચમીનું આરીતે બહુમાન સાચવનાર જૈન સમાજ મોજુદ છતાં જ્ઞાન ગુણ માટે જાતજાતના વિશેષણો આલાપી તેનું મહત્વ સ્વીકારનાર શ્રાવક-શ્રાવિકાઓ હૈયાત છતાં, પોકાર પડે છે કે સંખ્યાબંધ ગ્રંથો દેખરેખના અભાવે વર્ષભરમાં સહસ્રરશ્મિના કિરણોના દર્શન એકાદ દિન સારૂં પણ ન મળવાથી કીડા ને ઉધઇનું ભક્ષ્ય બન્યા. ભંડારમાં ને ભંડારમાં જ માટી થઇ ગયા. કેટલાક માલિકોએ ઘાસની ગંજી પરના શ્વાન જેવું દુરાગ્રહી વર્તન દાખવવાથી એ મહામૂલો ખજાનો કોઇની પણ દ્રષ્ટિએ પડ્યા સિવાય કાળના ગર્ભમાં સમાઇ ગયો. કેટલાક માલિકોએ સ્વાર્થવશ થઇ, થોડા ખણખણીયાના લોભમાં, વગર સમજ્યે,-વિના અગમ-વિચારે-એના પાશ્ચિમાત્યોને વેચાણ કર્યા !

અને આજે પણ જ્ઞાનપંચમી કેટલાક ભંડારોના દ્વાર ખોલાવે છે ? કયા શ્રાવકને એ પૂર્વ મહર્ષિઓના અમૂલ્ય સંગ્રહનો એકાદ વાર હવામાં-પ્રકાશમાં લાવી પુનઃ એને યથાસ્થાને ગોઠવવાની ફુરસદ છે ? ભલભલાં સમૃદ્ધિશાળીને અવકાશનો જેને તોટો નથી, અરે જેઓ જ્ઞાનપૂજનમાં ઘીની સંખ્યાબંધ પાંચશેરીઓ વધારી દઇ અગ્રગામી બની, પ્રથમ સ્થાન રાખે છે-એવાઓને પણ રહ્યાસહ્યા આ કિંમતી સાધન સમા એ આંધળાની લાકડી તુલ્ય-ભંડારમાં એકાદ સૌભાગ્ય પંચમીના દિન તો ભલે પ્રકાશ સ્વતંત્રપણે મ્હાલે એનો વિચાર સરખો પણ કયાં ઉદ્દભવે છે ?

પણ વધુ અજાયબી તો ત્યારે જન્મે છે કે જ્ઞાન ગુણ માટે આવા સુંદર વચનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આલાપનાર શ્રાદ્ધગણમાં ઊંડા ઉતરી તપાસ કરવામાં આવતાં મોટો વર્ગ તો એવો દૃષ્ટિગોચર થાય છે કે જે પંચમીની રાત્રિ થતાં જ જ્ઞાનના ગૌરવને વીસરી જાય છે. વર્ષભરમાં ભાગ્યેજ સાચા જ્ઞાનના પુનઃ દર્શન કરે છે. થોડાં વળી વ્યાખ્યાનશ્રવણના નિયમથી એની સ્મૃતિ તાજી રાખે છે. કેટલાક પ્રતિક્રમણના નિયમથી પંચ પ્રતિક્રમણના સૂત્રો મૂળથી ગણી જાય છે! અર્થ કે એના રહસ્ય પરત્વેનો પ્રશ્ન કરવામાં આવે તો તરતજ પરિણામમાં શૂન્ય દેખાય! કેટલાકનું જ્ઞાન દેખાદેખીના વિધિ વિધાનમાં જ પર્યાપ્ત થાય છે! કેટલાકનું જ્ઞાન-ચૈત્યવંદનથી માંડી સ્તવન સુધી અને વધુ લંબાય તો થોય સુધી પહોંચે છે. જીવવિચાર ને નવતત્વ સુધી જનાર તો સેંકડે માંડ દશ પંદર! એમાં પણ ઊંડો અભ્યાસ-સૂક્ષ્મ સમજ અને રહસ્યની તારવણીના માપે માપીએ તો સંખ્યા આંગળીના ટેરવે ગણાય. કર્મવિચાર, નયનિક્ષેપની સમજ-જ્ઞાનનું બારિક સ્વરૂપ-ષટ્દ્રવ્ય સંબંધી વિચારણા-એ તો માત્ર મૂઠીભરના ફાળે જાય છે! તેથી જ જ્ઞાનની પૂજાના નામે આડંબરમાં વધુ દ્રવ્ય ખરચાતું દૃષ્ટિ-ગોચર થાય છે! તેથી જ ઉદ્યાપનમાં જ્ઞાનગ્રંથોના ઉદ્ધાર કરતા જરીના પુઠીયા, ચંદરવા વધુ રકમ ગળી જાય છે! તેથીજ જૈનોના ઘણા ઘરોમાં ધન રાખવા માટે તિજોરી હશે, સોના-ચાંદીના અલંકાર માટે ગોદરેજનું કબાટ હશે, કિંમતી રેશમી સાડીઓ કે સુંદર વસ્ત્રો સારૂ કબાટ પણ હશે; છતાં જ્ઞાનદાયક પુસ્તકો માટે ભાગ્યેજ એકાદુ કબાટ કે નાનીસી આલમારી દેખાશે! ઘણા તો કહેશે કે એ તો મહારાજનું કામ! ઘરમાં તો આશાતના થાય! વળી થોડાક સંસ્થાઓમાં સભ્ય તરિકેનું લવાજમ ભરતાં હોવાથી દરવર્ષે ગ્રંથો પ્રાપ્ત કરતાં હશે તો માત્ર તેમને ત્યાં અસ્તવ્યસ્ત દશામાં એકાદ ખૂણે તે પડ્યા હશે! ઘણુ-ખરૂં તો પંચપ્રતિક્રમણ નજરે ચઢવાનું. એની દશા જોઈ કેટલીક વાર તો આંસુ આવે તેવું. આમ મોટા ભાગે જૈન સમાજનું વલણ આંખે ચઢે છતાં સૌભાગ્ય પંચમીના ગુણગાન તો આપણે પ્રતિવર્ષ ગાતાં આવ્યા છીએ.

વિચારમાળાના મણકા સહિત દૃષ્ટિ સમક્ષ કેટલાયે ચિતાર રમી રહ્યો. વધુ નહિં તો જેટલા દોહરા બોલાય છે કિંવા જેટલા સ્તવન ગવાય છે એટલાજ જો યથાર્થ રીતે સમજવામાં આવે તો ઘણી અજ્ઞાનતા ટળી જાય; પણ નજર સામે તરતજ સંતની વાત તરે છે—

આત્મા કયાં છે? સાચે જ ચેતનવંતા છતાં લગનીવિહુણા-રમણતા વગરના-તોખરાજ. પણ આ દ્રશ્યમાં વિચારશ્રેણી છોડી ઊંડા ઉતરૂં ત્યાં તો દાદાના દરબારનો ઘંટ થયો.

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર સન્માન દાન.

( અનુ. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ )

( ગતાંક પૃષ્ઠ ૬૨ થી શરૂ. )

આ રહસ્ય ન સમજવાને લઇને જ જાતિ, વર્ણ, વ્યવસાય, ક્રિયા, ધન, રૂપ, બલ, પદવી, વિદ્યા વગેરેના અભિમાનમાં માણુસ બીજાને પોતાથી નીચા માનીને તેનું અપમાન કરે છે અને અંતરાત્મા પર ભારે આઘાત પહોંચાડે છે, અને પછી એના ફળરૂપે પોતે જ નીચો બનીને વધારે મોટા આઘાતને પાત્ર બને છે.

આપણામાંના કેટલાક લોકો મોટાઓનું સન્માન કોઇપણ હેતુથી અને ટેવને લઇને પણ કરે છે, પરંતુ પોતાનાથી નાનાનું સન્માન કરવામાં તેઓને ઘણો જ સંકોચ થાય છે; અને કેટલાક તો તેનું અપમાન પણ કરી બેસે છે. તે એટલે સુધી પોતાના પતિભાવના અભિમાનમાં આવીને પોતાની પત્નીનું સુદ્ધાં અપમાન કરી બેસે છે. કેટલાક ઉદ્ધત પ્રકૃતિના મનુષ્યો તો ગાલી-પ્રદાન તેમજ મારપીટ કરવા સુધીની દુષ્ટતા બતાવતાં અચકાતા નથી. એ મહાન પાપ છે. પતિને પરમેશ્વર તુલ્ય માનીને તેની સેવા કરવાની આજ્ઞા શાસ્ત્રોએ સ્ત્રીઓને માટે કરી છે અને તેઓએ તે પ્રમાણે કરવું જ જોઇએ; પરંતુ પતિ પોતાની જાતને પરમેશ્વર માને અને પત્નીને દાસી માનીને જબરદસ્તીથી તેની પાસે મનમાની દોષપૂર્ણ ગુલામી કરાવે એવી આજ્ઞા કયાંય પણ નથી. વળી પરમેશ્વરની જેવા ગુણો હોય તો કોઇ પોતાની જાતને પરમેશ્વરવત્ માની લે તો અમુક અંશે એનો બચાવ થઇ શકે છે. આપણને ખબર નથી કે પરમેશ્વરનું કેટલું અપમાન કરીએ છીએ, કેટલા એને ભૂલી જઇએ છીએ, આવી સ્વાભાવિક કલ્યાણકારી વૃત્તિ જે પતિની હોય તે પોતાની પૂજા પરમેશ્વરની માફક કરવાનું પત્નીને કહે તો તેનું કહેવું વ્યાજબી પણ ગણી શકાય, પરંતુ એટલું ધ્યાનમાં રાખવું કે એવો પતિ સેવા–સન્માનને ભૂખ્યો જ કેમ હોય ? એટલા માટે કોઇપણ પતિએ પોતાની પત્નીનું અપમાન નહિ કરવું જોઈએ. આપણે પોતે હમેશાં સન્માર્ગે ચાલીને આપણા સ્વાભાવિક ઉત્તમ સદ્વ્યવહારવડે તેના હૃદય પર અધિકાર મેળવીને તેને પણ હમેશાં સન્માર્ગે ચલાવવી જોઇએ. અને તેને પણ ઇશ્વરની પ્રતિકૃતિ ગણીને યથાયોગ્ય ક્રિયાઓવડે તેનું સેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્માન કરવું જોઇએ. એ જ રીતે ગુરૂએ શિષ્યનું, પિતાએ પુત્રનું, ઉચ્ચ વર્ણવાળાએ પોતાથી નીચા વર્ણનું, શ્રીમંતોએ નિર્ધનનું, ઉચ્ચ પદવીવાળાએ નીચી પદવીવાળાનું, વિદ્વાને અવિદ્વાનનું, સાસુએ વહુનું, શેઠે નોકરનું યથાયોગ્ય સન્માન કરવું જોઇએ. આનું તાત્પર્ય એ નથી કે મોહવશ થઇને, આસક્તિને લઇને સ્ત્રી પુરૂષ વગેરેના શાસ્ત્રોક્ત વ્યવહારમાં ઉચ્છ્રંખલતા પેદા કરવી.

આપણે આધીન રહીને કામ કરનાર કોઇપણ નોકર, ચાકર કે મજૂરનું મન, વાણી કે શરીરથી કોઈપણ અપમાન નહિ કરવું જોઈએ. મનમાં કોઇને નીચો ગણવો, શરીરથી અયોગ્ય વર્તન કરવું અથવા ગર્વપૂર્ણ આકૃતિ રાખવી અને વાણીવડે કોઇને અપમાનજનક શબ્દો કહેવા એ સર્વથા અનુચિત છે. તલવારનો ઘા રૂઝાઇ જાય છે, પરંતુ વાણીનો ઘા રૂઝાતો નથી એ ઉક્તિ હમેશાં સ્મરણ-પટ પર કોતરી રાખવી જોઇએ.

કહ્યું છે કે—नारुन्तुदः स्यादार्तोऽपि न परद्रोहकर्मधीः ।
यथास्योद्विजते वाचा नालोक्यां तामुदीरयेत् ॥

અત્યંત દુઃખી હોવા છતાં પણ કોઇને મર્મભેદી વચન કહેવું, બીજાનો દ્રોહ કરવાના કામમાં બુદ્ધિને ન લગાડવી, અને જે વાણીથી બીજાને ઉદ્વેગ થાય એવી સ્વર્ગથી ભ્રષ્ટ કરનારી કડવી વાણી કોઇને પણ ન કહેવી, હમેશાં સૌ કોઈનું ભલું ચ્હાવું, મધુર તેમજ હિતકારી વાણી બોલવી અને હસમુખા રહેવું. કેટલાક લોકો અભિમાનને લઇને અથવા ખરાબ ટેવ પડી જવાને લઇને પોતાના તાબાના નોકર, ચાકર કે મજૂરો પાસેથી તેઓની શક્તિથી વધારે કામ લેવામાં પોતાની બુદ્ધિમત્તા સમજે છે અને તેઓની સાથે વાત કરવામાં પોતાનું અપમાન સમજે છે. કોઇવાર બોલે છે તો ઇશારતથી અથવા ચ્હેરો બગાડીને પોતાની મોટાઇ દેખાડવા ઘણા ખરાબ શબ્દોમાં વ્યંગભરી મજાક ઉડાવે છે, મ્હેણાં-ટોણા મારે છે. કેટલાક લોકો તો અહંકાર વશ બનીને એટલી હદ સુધી નીચતા બતાવે છે કે ખરાબમાં ખરાબ ગાળો દઇને પોતાની વાણી ગંદી કરવા અને મારપીટ કરીને નિર્દયતા કરતાં પણ અચકાતા નથી. પોતાની મા બ્હેનો પર કુવિચાર અને કુદૃષ્ટિ કરે છે. આવા હલકા સ્વભાવના મનુષ્યો પરમાત્માનું અપમાન કરીને ઘોર અપરાધ કરે છે અને પરિણામે આ લોક તેમજ પરલોકમાં ભીષણ યંત્રણાઓ ભોગવે છે, એટલા માટે આવી જાતની ઘૃણાસ્પદ ટેવને સર્વથા નુકશાનકારક સમજીને જો આપણામાં તે હોય તો તરત જ છોડી દેવી જોઈએ; એટલું જ નહિ પણ અપમાનજનક કોઇ પણ જાતનો ભાવ નહિ આવવા દેવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચર્ચા પત્ર

ગયા વર્ષમાં રવિવારે સંવત્સરી કરવી કે શનિવારે કરવી તેના **મતભેદ** પડતાં છેવટે અમુક અંશે તે બાબતે કલેશનું રૂપ પકડયું જે **જૈન સમાજ** માટે અનિચ્છનીય હતું, તેવા જ્યોતિષ સંબંધી તહેવાર કે તિથિ નિર્ણયની બાબતમાં જુદા જુદા મતો હોય ત્યારે જ્યોતિષના નિષ્ણાત મહાપુરૂષે પોતપોતાના મતો જ્યોતિષના સિદ્ધાંત નિયમો અને સાદતો આપી પેપરદ્વારા તેનો નિર્ણય નક્કી કરી લેવામાં આવે તો **અશાંતિ** ઉત્પન્ન થાય નહિ. જે બની ગયું તે માટે ખેદ ધરવો હવે નકામો છે. આ વર્ષમાં ભાદરવા સુદ ૪ બે હોવાથી બીજી ચોથ ગુરૂવારે **સંવત્સરી** કરવાનું દરેક ચોપડીયા તથા ભીંતીયા **જૈન** પંચાગોમાં જોવાય છે; છતાં આ વર્ષ કંઇ મતભેદ હોય તો અત્યારથી નિર્ણય થઇ જાય તે ઇચ્છવા જોગ છે. છતાં આ વર્ષ ચોપડીયું પંચાંગ અને ભીંતીયું પંચાંગ મુનિરાજ **શ્રી વિકાસવિજયજી** મહારાજે તૈયાર કરેલું **પ્રકટ** થયેલ છે જેમાં આ માસની સુદ ૧૩ નો ક્ષય જણાવેલ છે જ્યારે બીજા ભીંતીયા પંચાંગ કોણ મહાપુરૂષ તરફથી તૈયાર થયેલ છે તે નામ નથી કે જેમાં સુદ ૧૦ નો ક્ષય જણાવેલ છે. મુનિરાજ શ્રી **વિકાસવિજયજી** મહારાજે તૈયાર કરેલ ભીંતીયા **જૈન** પંચાંગ શ્રી **જૈન** આત્માનંદ સભા તરફથી પ્રકટ કરવામાં આવેલ છે અને ત્યારબાદ તા. ૨૪–૧૦–૩૬ મંગળવારના મુંબઇ સમાચારમાં તથા **જૈન** જ્યોતિ પત્રમાં સુદ ૧૧ બુધવારે કેમ કરવી તેના જ્યોતિષ શાસ્ત્રના આધારે મુનિરાજ શ્રી વિકાસવિજયજી મહારાજે ખુલાસા પ્રકટ કરેલા છે જેથી તેમના ગણીત અને સાદતનાં આધારે સુદ ૧૦ ને બદલે સુદ ૧૩ ક્ષય છે તેમ સુદ ૧૧ બુધવારે કરવી તેનો લેખ મુંબઇ સમાચારમાં પ્રકટ કરી તે વાત સિદ્ધ કરેલ છે. છતાં જેથી તે મુનિરાજ વિકાસવિજયજીવાળું પંચાંગ ખોટું છે, તેવું જ્યોતિષના વગર અભ્યાસી અને

---

**કેટલાક લોકો નોકર તથા મજુરોના નામની સાથે કોઇ તોછડાઇભરેલો શબ્દ જોડીને જ તેઓને બોલાવવાનું આવશ્યક સમજે છે. એમ કરવામાં મિથ્યા અહંકાર–કારણ છે. એ અહંકાર તજી દેવો જોઇએ. અને કોઇને પણ તોછડાઈથી ન બોલાવવાં. યથાસાધ્ય સ્નેહ અને આદરભરેલાં શબ્દોથી તેની સાથે વાતચીત કરવી જોઇએ. કદાચ કોઈ શિક્ષા કરવાનું જરૂરી જણાય તો તે કોઇ દ્રોહબુદ્ધિથી ન કરતાં તેને સ્નેહભાવથી કરવો જોઇએ, જે ભાવથી સ્નેહી માતા પોતાના પુત્રને કરે છે; પરંતુ પહેલા તો આપણાં આચરણોથી સેવકના હૃદયમાં એવો દ્રઢ વિશ્વાસ ઉત્પન્ન કરવાની કોશીશ કરવી જોઇએ કે જેનાથી આપણને પોતાની માતાની જેટલો સ્નેહ રાખનાર સમજી શકે. [ચાલુ]**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**શ્રી મહાવીરસ્વામીનો આચારધર્મ શ્રી આચારંગ સૂત્રનો છાયાનુવાદ**—શ્રી પુંજાભાઇ જૈન ગ્રંથમાળાનો ૧૧ મો મણકો આ ગ્રંથ છે, તેના સંપાદક ગોપાળદાસ જીવાભાઈ પટેલ કે જેમણે શ્રી સૂત્ર કૃતાંગ સૂત્રનો આવો અનુવાદ કર્યો છે. અભ્યાસીઓ માટે આ છાયા અનુવાદ વર્તમાન કાળે ઉપયોગી થાય તેમ કર્યો છે પ્રથમભાગ શ્રીયુત બેચરદાસ પંડિતે કરેલા અનુવાદ ઉપરથી તૈયાર કરેલો જણાવાય છે. તે ઠીક થયું છે.

---

જ્યોતિષ શાસ્ત્ર માટે બીનજવાબદાર ગ્રહસ્થ પોતાની હાએહા ભણનારા માણસોની રૂબરૂ ઊપરોક્ત પોતાનું માનેલું સાચું જણાવવા માંગે છે. જૈન ધર્મની દરેકે દરેક બાબત કે દરેક વિષયોનો જાણે કે હિંદભરમાં પોતે જ ઇજારો રાખ્યો હોય તેમ ઘણીવાર આવા ઘણા પ્રસંગોએ બીજાઓને માનવાનું કારણ મળે છે તેનો અર્થ તો એટલો જ કે ભલે પોતે તે વિષયમાં બીલકુલ અજ્ઞાત હોય છતાં પોતે જે માને તે સાચું મનાવવાના પ્રયત્નો કરવાની ખાસ ટેવ જ પડેલી હોય તેમ અન્યોને દેખાય છે. ભલે સુદ ૧૩ ને બદલે સુદ ૧૦ નો ક્ષય સાચો ઠરે પરંતુ જ્યોતિષ શાસ્ત્રના નિષ્ણાત મહાપુરૂષો **શ્રી ઉદયસૂરિશ્વરજી**, મુનિરાજ શ્રી **કલ્યાણવિજયજી**, મુનિરાજ શ્રી **દર્શનવિજયજી** ( હાલ અજમેર છે તે ) તેમજ મુનિરાજ શ્રી **ચારિત્રવિજયજી** ( સોનગઢ ) વગેરે કે બીજા કોઇ મહાપુરૂષો જેઓ જ્યોતિષના અભ્યાસી હોય છે તેઓશ્રી જ્યોતિષ શાસ્ત્રના આધારો સાદતો આપી સુદ ૧૦ નો ક્ષયનો નિર્ણય જૈન સમાજને પોતાના નામથી પેપરોદ્વારા જણાવે તે ખરેખર ઇચ્છવા યોગ્ય છે. પરંતુ જ્યોતિષના વગર અભ્યાસીઓ કોઇ ગ્રહસ્થ તેવું બોલતા હોય કે માન્યતા ધરાવતા હોય તેની કંઇ પણ કિંમત નથી, પણ યોજક કે પ્રકાશક ઉપર જાણે ઇર્ષા ન હોય તેમ જણાવે છે, જેથી જ્યારે જ્યારે પર્વ તિથિ, સમાચારી કે તિથિ નિર્ણયનો પેપરોમાં પ્રકટ થતાં પંચાંગોમાં મતભેદ–જુદી માન્યતા જણાય ત્યારે ઉપરોકત મહાપુરૂષો અથવા જ્યોતિષના ખાસ અભ્યાસી કોઇપણ મુનિરાજ કે જૈન બંધુઓએ પ્રેમભાવે તે માટે પોતાના વિચારો સાદતો સહિત જાહેર રીતે તે પ્રકટ કરવા અને જ્યાં મતભેદ જણાય ત્યાં તે તે મુનિ મહારાજને વિનય પુર્વક પત્ર વ્યવહાર કરી ચર્ચા કરી સંવાદ કરી એક નિર્ણય ઉપર આવે જેથી જૈન સમાજ ઉપર મહદ્ ઉપકાર થશે અને સાચા વસ્તુનો નિર્ણય થશે.

આ ચર્ચાપત્ર લખતી વખતે તા. ૨૪-૧૧-૩૬ મંગળવારના મુંબઇ સમાચારના સાતમે પાને મુનિ મહારાજશ્રી **વિકાસવિજય** મહારાજે પોતાના લેખનો જવાબ આપવા ( શુદ ૧૩ ને બદલે શુદ ૧૦ નો ક્ષય ) જો નિર્ણય પ્રમાણ સહિત આપવા આવાહન કરેલું છે. જેથી તેના જરૂર જવાબ આપવા તેના નિષ્ણાતો અવશ્ય તૈયાર થાય.

A. G.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તકને છેવટે સૂચિપત્ર તથા મૂળમાંથી કેટવાક સુભાષિતો ગુજરાતી અનુવાદ સાથે મુકયા છે તે અભ્યાસીઓને વધારે ઉપયોગી થશે એમ માનીએ છીએ. કિંમત બાર આના. પ્રાપ્તિસ્થાન નવજીવન કાર્યાલય તથા શ્રી ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ.

---

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઇ** એકવીશમો રિપોર્ટ પ્રકટકર્ત્તા અનુમતીથી **મોતીચંદ ગીરધરલાલ એન્ડ ચંદુલાલ સારાભાઇ મોદી**—આખા હિંદમાં જૈન વિદ્યાર્થીઓ માટે ઉંચી કેળવણી પ્રાપ્ત કરવાનું સ્થાન કોઈ હોય તો તે હાલ આ એકજ સંસ્થા છે. એકવીશ વર્ષમાં અનેક જૈન બંધુઓ ઉંચી કેળવણીમાંથી પસાર થઇ યોગ્ય સ્થાને ગોઠવાયા છે. કોઇપણ સંસ્થામાં અમુક ત્રુટી હોય તેમ કદાચ આમાં પણ લાગતી હોય તો તે સુધારવા, કાર્ય વાહકોને જણાવવાને બદલે તેને વગોવવી કે તેને ઉતારી પાડવાની કોશીષ કરવી તે કોઈ રીતે યોગ્ય નથી. ગમે તે ભાઇઓ કાર્ય ચલાવતા હોય તેથી જૈન સમાજની તે સંસ્થા મટી જતી નથી તેમ તેની સ્થાપના થયા પછી કેટલા ભાઇઓ ઉંચી કેળવણી પામ્યા છે અને હજી પામશે તેનો વિચાર કરી તેની વિશેષ પ્રગતિ કેમ થાય જૈન સમાજના બાળકો તે વડે વિશેષ સંખ્યામાં કેમ કેળવણી પામે અને તેની કોઇપણ આવશ્યકતા કેમ જલદી પુરી પડે તેવા વિચારો કાર્યો કરવાની જરૂર છે. જૈન સમાજે તો આ એક સંસ્થાની દરેક આવશ્યકતા જલદી પુરી પાડવા સાથે આવી અનેક સંસ્થાઓ હિંદમાં જેમ જન્મ પામે તેનોજ પ્રયત્ન કરવાની જરૂર છે.

આ રિપોર્ટ વાંચતા દરેક કાર્યવાહીનું સવિસ્તર વર્ણન આપવામાં આવેલું છે. હિસાબ આવક-જાવક વ્યવસ્થા રિપોર્ટ વાંચતાં પદ્ધતિસર જણાય છે. ભવિષ્યમાં તે વિશેષ પ્રગતિમાન થાય તેમ ઇચ્છીએ છીએ.

---

**શ્રી વડવા જૈન મિત્રમંડળ હિસાબ તથા રિપોર્ટ**—પ્રકટકર્તા શા લલુભાઇ દેવચંદ તથા હરિલાલ દેવચંદ શેઠ સેક્રેટરીઓ સં. ૧૯૮૨ ના આશો શુદ ૧૦ થી સં. **૧૯૯૧** ના આશો શુદિ ૯ સુધી માત્ર સેવા કરવાની શુભ ઇચ્છાથી આ સંસ્થા સ્થાપન થયેલ છે. આટલાં વર્ષો જુદા જુદા કાર્યોમાં આ મંડળની સેવા જાણીતી છે છતાં શ્રી સમેતશિખરજી તીર્થનો જૈન સંઘ કાઢવામાં યાત્રાળુઓને સુખપૂર્વક યાત્રા કરાવવામાં જે ભોગ આપી આ મંડળે સેવા કરેલી છે તે ન ભૂલાય તેવી છે. અત્યારે તો કોઇપણ ગામવાળાને સંઘ કાઢવો હોય તો તે આ માહીતી માટે મંડળ સલાહકારક થઇ પડેલ છે ત્યારબાદ અત્યાર સુધી નાની સેવા કર્યા કરે છે. જાણે ઉપરોક્ત મોટી સેવાથી કંઇ થાક લાગ્યો હોય તેમ બહુજ અલ્પ રીતે હાલ સેવા કરે છે છતાં સંગઠન ઐકયતા એકસંપી એવી છે કે જ્યારે કોઇ સેવાનું કામ હાથમાં લે તો તે ફળીભૂત ન કરી શકે તેવું નથી. આ રિપોર્ટમાં તેનું ટુંક બ્યાન આપેલ છે આવક હિસાબ વિગેરે યોગ્ય છે. આ મંડળની સેવા માટેની શિથિલતા ઓછી થતાં નવું સેવાનું કાર્ય તેઓ ઉપાડી લે તેમ ઇચ્છીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર વિનંતિ

**શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર પ્રથમ પર્વનું** બાઇડીંગ થાય છે, તેના ઘણા ગ્રાહકોના નામ નોંધાઈ ગયા છે. ધારવા પ્રમાણે એક સામટી નકલો ખરીદનાર ભાઈ અમારી સાથે પત્રવ્યવહાર ચલાવે છે, જેથી તે અગાઉ તેની જરૂરીયાતવાળા મહાશયો જલદીથી અમોને ગ્રાહક તરીકે નામ નોંધાવવા જણાવે તો બાકી જે રહે તે કોપીયો જ માત્ર તેમને આપી શકાય. કારણ કે આ અભ્યાસનો કથાનુયોગનો ગ્રંથ હોવાથી તેમજ તેના કાગળ, ટાઇપ બાઈડીંગ અને શુદ્ધ સર્વે ઉત્તમ પ્રકારનું હોવાથી તેમજ તેની કિંમત પણ મુદ્દલથી ઓછી લેવાની હોવાથી ફરીફરીને છપાવવાની તક સાંપડતી નથી કારણ કે શોધવાનું છપાવવા તદ્દન શુદ્ધ કરવાનું કાર્ય ભારે મહેનતવાળું છે તેના ગ્રાહક થવા ઇચ્છનારે કૃપા કરી શ્રી આત્મારામજી જૈન શતાબ્દિ સિરિઝ

**ઠે૦ શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગરને લખવું**

---

## ભેટના ગ્રંથો.

ગયા માસમાં જણાવ્યા પ્રમાણેના સાત ગ્રંથો આવતા માસની આખરેથી અમારા માનવંતા લાઇફ મેમ્બરોને પોસ્ટ પુરતા પૈસાનું વી૦ પી૦ કરી મોકલવામાં આવશે. એ ગ્રંથોનું બાઇન્ડીંગ થાય છે, તે પુરૂં થયેથી મોકલીશું.

---

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )

૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત ) પ્રાકૃત વ્યાકરણ ઢુંણ્ઢિકાવૃતિ.

**શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર** ( પ્રથમપર્વ ) તૈયાર થઇ ગયું છે. ( બુક કારે તથા પ્રતાકારે ) બાઇડીંગ થાય છે. કિંમત રૂા. ૧–૮–૦ ( પોસ્ટેજ જુદું ) ( બીજું પર્વ તૈયાર થાય છે. )

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

### શ્રી અમરચંદ્રસૂરિકૃત મૂળ ગ્રંથનું શુદ્ધ અને સરલ ભાષાંતર

### ( છપાય છે )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, સરલ સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે, **મદદની જરૂર છે. આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ અલ્પ કિંમતથી કે વિના મૂલ્યે સભાના ધારા પ્રમાણે ભેટ પણ આપી શકાશે.**

લખો—શ્રી. જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

## પ્રકાશન ખાતું.

### પ્રાચીન સાહિત્યના છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

| | |
|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-પ્રથમ અંશ. | રૂા. ૩-૮-૦ |
| ૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-દ્વિતીય અંશ. | રૂા. ૩-૮-૦ |
| ૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. | રૂા. ૪-૦-૦ |
| ૪ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. | રૂા. ૬-૦-૦ |
| ૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) | રૂા ૨-૦-૦ |

### છપાતાં ગ્રંથો.

૭ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ. ૮ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ
૧૦ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર ૯ શ્રી બૃહતકલ્પ ત્રીજો ભાગ

### ગુજરાતી ગ્રંથો.

| | |
|---|---|
| ૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. | રૂા. ૦-૨-૬ |
| ૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, | રૂા. ૦-૧૦-૦ |
| ૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડ જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦. | |
| ૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. | રૂા. ૦-૨-૦ |
| ૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. | રૂા ૦-૪-૦ |

### અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદ્દી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦. | ૦-૩-૦ |

લખો:—

**જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only